**બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૩ જામનગર તથા બટાલીયન નં-૪ રુદ્રમાતા-કચ્છના પાર્ટટાઇમ ગાર્ડઝમેનોને નિયમિત પગારધોરણ અને અન્ય લાભો આપવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૧/૧૪૪૭/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૦/૫/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૧૬/૯/૨૦૧૧ ના પત્રક્રમાંકઃકજ/સપા/ મકમ/ ૭૧૪/૫૨૦૧/૧૧.
(૨) ગૃહવિભાગની તા.૬/૪/૨૦૦૯ ની નામ.હાઇકોર્ટ સમક્ષ રજુ કરેલ સ્કીમ.
(૩) નામ.હાઇકોર્ટનો એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ અને તેને સલગ્ન ગૃપ પીટીશનો અન્વયેનો તા.૬/૪/૨૦૧૧ નો ચુકાદો.
(૪) ગૃહવિભાગનો તા.૧૯/૪/૨૦૧૨ નો ઠરાવક્રમાંકઃસગદ/૧૦૨૦૧૨/૫૫૪/ફ.
(૫) નામ.સર્વોચ્ચ અદાલતમાંની એસ.એલ.પી-૧૭૧૪૩/૨૦૧૧.
(૬) ગુજરાત હોમગાર્ડઝ એકટ ૧૯૪૭ અને તે હેઠળના મુંબઇ હોમગાર્ડઝ નિયમો-૧૯૫૩.

**આમુખઃ-**

ગૃહવિભાગ હસ્તક ખાતાના વડા ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળની બોર્ડરવીંગ હોમગાર્ડઝની કુલ-૦૪ બટાલીયનો અનુક્રમે બટા.નં-૧ પાલનપુર, બટા.નં-૨ ભુજ-કચ્છ, બટા.નં-૩ જામનગર તથા બટા.નં-૪ નલીયા-કચ્છ (રુદ્રમાતા) માં પાર્ટટાઇમ ગાર્ડઝમેન તરીકે ફરજ બજાવતા જવાનો પાસેથી સતત કામગીરી લેતા નામ.હાઇકોર્ટ સમક્ષ એસ.સી.એ-૧૦૮૬૨/૨૦૦૩ અને તેને સલગ્ન જુદી જુદી પીટીશનો દાખલ કરી તેઓને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે સરકારના નિયમિત કર્મચારી જેવા લાભો આપવા અંગે દાદ માંગવામાં આવેલ હતી. પ્રસ્તુત પીટીશનોનો ચુકાદો તેઓની તરફેણમાં આવતા સરકાર દ્ધારા નામ.હાઇકોર્ટ સમક્ષ ઉકત ક્રમાંક(૨) મુજબ તા.૬/૪/૨૦૦૯ ના રોજ સ્કીમ રજુ કરવામાં આવેલ હતી. જે મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયનોમાં ૦૫(પાંચ) વર્ષની સેવા બજાવેલ હોય તેવા ગાર્ડઝમેનોને એસ.આર.પી.એફમાં નવેસરથી નિંમણૂક પ્રક્રીયા પૂર્ણ કરી નિંમણૂક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તે અનુસાર બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયન નં-૩ જામનગર તથા બટાલીયન નં-૪ નલીયા-કચ્છના ગાર્ડઝમેનો દ્ધારા સરકાર દ્ધારા રજુ કરવામાં આવેલ સ્કીમ સ્વીકારી એસ.આર.પી.એફમાં નિંમણૂકો કરવામાં આવેલ હતી.જયારે બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયન નં-૧ પાલનપુર તથા બટાલીયન નં-૨ ભુજ-કચ્છના જવાનો આ બન્ને બટાલીયનો જુની હોઇ તેઓ એસ.આર.પી.એફમાં નવી નિંમણૂક તરીકે જોડાવવા સંમત થયેલ ન હતા.

સરકારશ્રી દ્ધારા નામ.હાઇકાર્ટના એસ.સી.એ-૧૦૮૬૨/૨૦૦૩ અને તેને સલગ્ન મેટરોમાં તા.૯/૨/૨૦૦૫ ના બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોની તરફેણમાં આવેલ ચુકાદા સામે એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ દાખલ કરવામાં આવેલ હતી. જેના ઉકત ક્રમાંક(૩) મુજબના નામ.હાઇકોર્ટના તા.૬/૪/૨૦૧૧ ના ચુકાદા મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝની તરફેણમાં આવતા રાજય સરકારે આ ચુકાદા સામે નામ.સર્વોચ્ચ અદાલતમાં એસ.એલ.પી-૧૭૧૪૩/૨૦૧૧ દાખલ કરેલ છે. રાજય સરકારની રજુઆત અનુસાર નામ.સર્વોચ્ચ અદાલત દ્ધારા નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાના અમલ સામે મનાઇ હુકમ આપવામાં આવેલ નથી, પરંતુ એરીયર્સની ચુકવણી સબંધે ન્યાયાધીન છે. જે જોતા નામ.હાઇકોર્ટના એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ તથા તેને સલગ્ન ગૃપ પીટીશનના ચુકાદા મુજબ એસ.આર.પી.એફમાં ન જોડાયેલ બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનો દ્ધારા જુદા જુદા વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કુલ-૧૧૯૧ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે તા.૩૦/૭/૨૦૦૩ ની અસરથી નોશનલ પગાર તથા તા.૬/૪/૨૦૧૧ થી રોકડમાં તમામ લાભો નામ.સર્વોચ્ચ અદાલત

સમક્ષ પેન્ડીંગ એસ.એલ.પી.–૧૭૧૪૩/૨૦૧૧ ના ચુકાદાને આધીન આપવામાં આવેલ છે. આમ ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ હસ્તકની બોર્ડરવીંગ હોમગાર્ડઝની કુલ–૪ બટાલીયનો પૈકી બે બટાલીયનોના જવાનોએ એસ.આર.પી.એફમાં નવેસરથી નિંમણૂક મેળવેલ છે. જ્યારે બાકી રહેતી બે બટાલીયનો હાલ ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ હસ્તક ફરજો બજાવે છે અને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે પગાર તેમજ અન્ય ભથ્થાઓ સહિતના તમામ લાભો મેળવે છે.

સરકાર દ્વારા નામ.હાઇકોર્ટ સમક્ષ એલ.પી.એ–૭૧૨/૨૦૦૫ ઇન એસ.સી.એ–૧૦૮૬૨/૨૦૦૩ અન્વયે ઉકત ક્રમાંક(૨) મુજબની રજુ કરેલ તા.૬/૪/૨૦૦૯ ની સ્કીમ મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝમાં ૦૫ (પાંચ) વર્ષ કે તેથી વધુ સેવા બજાવેલ હોય, તેવા જવાનો એસ.આર.પી.એફમાં નિંમણૂક અંગે લાયક ગણાશે તેમ જણાવેલ હતું. તે મુજબ બટાલીયન નં–૩ જામનગર તથા બટાલીયન નં–૪ રુદ્રમાતા–કચ્છના કુલ–૧૦ પાર્ટટાઇમ ગાર્ડઝમેનો એસ.આર.પી.એફ દ્વારા નિયત કરવામાં આવેલ ભરતી અંગેના માપદંડો સંતોષતા ન હોઇ, તેઓનો સમાવેશ એસ.આર.પી.એફમાં થઇ શકેલ ન હતો અને આ ગાર્ડઝમેનો સરકારશ્રી દ્વારા નામ.હાઇકોર્ટ સમક્ષ રજુ કરેલ ઉકત ક્રમાંક(૨) મુજબની સ્કીમની જોગવાઇ ૨(૧૦) મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ ગાર્ડઝમેન તરીકે ચાલુ રાખવામાં આવેલ હતા. બોર્ડરવીંગ હોમગાર્ડઝના અન્ય ગાર્ડઝમેનોને સરકારશ્રી દ્વારા ઉકત ક્રમાંક (૪) મુજબ નિયમિત પગાર ધોરણ તથા અન્ય લાભો મંજુર કરવામાં આવેલ છે, તે મુજબ એસ.આર.પી.એફમાં સમાવિષ્ટ ન થઇ શકેલ બોર્ડરવીંગ હોમગાર્ડઝના કુલ–૧૦ પાર્ટટાઇમ ગાર્ડઝમેનોને નિયમિત પગાર ધોરણ તથા અન્ય લાભો આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-: ઠ રા વ :-**

બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં–૩ જામનગર તથા બટાલીયન નં–૪ રુદ્રમાતા–કચ્છના નીચે જણાવેલ પાર્ટટાઇમ ગાર્ડઝમેનોને ગુજરાત હોમગાર્ડઝ અધિનિયમ–૧૯૪૭ અને તે હેઠળના મુંબઇ હોમગાર્ડઝ નિયમો–૧૯૫૩ ની જોગવાઇઓ તથા નીચે જણાવેલ શરતોને આધીન રૂ.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૧૮૦૦ ના પગાર ધોરણમાં તદ્દન હંગામી ધોરણે ગાર્ડઝમેન વર્ગ–૩ તરીકે આથી નિંમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | નામ | જન્મતારીખ | શૈક્ષણિક લાયકાત | પાર્ટટાઇમ ગાર્ડઝમેન તરીકે જોડાયા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી હિરા અરજણભાઇ ગરવા | ૫/૭/૭૫ | ૭ પાસ | ૮/૯/૯૯ | **૧૬૦ સે.મીથી ઓછી ઉંચાઇ હોવાથી** |
| ૨ | શ્રી ધર્મેન્દ્રસિંહ હેમતસિંહ જાડેજા | ૫/૧/૭૦ | ૯ પાસ | ૮/૯/૯૯ | |
| ૩ | શ્રી જયેશ ભાનુશંકર વ્યાસ | ૧૪/૩/૬૯ | ૮ પાસ | ૮/૯/૯૯ | |
| ૪ | શ્રી મોહન જીવાભાઇ કંટારીયા | ૧૫/૭/૬૯ | ૯ પાસ | ૮/૯/૯૯ | |
| ૫ | શ્રી રાજેન્દ્ર અનોપસિંહ જાડેજા | ૧૧/૫/૬૭ | ૯ પાસ | ૨૧/૫/૯૯ | |
| ૬ | શ્રી ચંદ્રસિંહ લક્ષ્મણસિંહ જાડેજા | ૪/૧૦/૭૯ | ૯ પાસ | ૮/૯/૯૯ | |
| ૭ | શ્રી પૂર્ણકુમાર કે સુબા | ૧૬/૩/૭૭ | ૮ પાસ | ૧૬/૮/૦૨ | |
| ૮ | શ્રી અરવીંદસિંહ ફતેસિંહ જાડેજા | ૨૩/૭/૭૧ | બી.એ | ૧૬/૮/૦૨ | |
| ૯ | શ્રી હરિબહાદુર બી.થાપા | ૧૨/૬/૮૧ | ૯ પાસ | ૧/૩/૦૪ | |
| ૧૦ | શ્રી અર્જુનસિંહ કે.ઝાલા | ૨૬/૧૦/૬૭ | ૯ પાસ | ૧૬/૮/૦૨ | **(શારિરીક અપંગતા) ફરજ દરમ્યાન પગ કપાઇ ગયેલ હોઇ** |

**શરતોઃ–**

(૧) ઉપર જણાવ્યા મુજબના ગાર્ડઝમેનોને, વર્ગ–૩ બોર્ડરવીંગ હોમગાર્ડઝ તરીકે રૂ.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૧૮૦૦ ના મુળ પગાર ધોરણમાં પ્રસ્તુત હુકમની તારીખથી તેઓ હાલ છે તે સ્થળે તદ્દન નવી નિંમણૂક ગણાશે.

(૨) પાર્ટટાઇમ માનદ ગાર્ડઝમેન તરીકે આ નિંમણૂક અગાઉ તેઓએ બજાવેલ કોઇ પણ સેવા આ સેવા સાથે જોડી શકાશે નહી કે કોઇ પણ પ્રકારના લાભો મળવા પાત્ર રહેશે નહી.

(૩) ઉકત તમામ ગાર્ડઝમેનોને વર્ગ–૩ તરીકે નિંમણૂક આપતા અગાઉ રૂ.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર પર નોટરાઇઝ કરાવી બાંહેધરી પત્રક મેળવી લેવાની કાર્યવાહી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદે કરવાની રહેશે.

(૪) ગાર્ડઝમેન વર્ગ-૩ તરીકે નિંમણૂક થયા બાદ તેઓને સરકારશ્રી દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ કરવાની રહેશે.

(૫) નિંમણૂક પામતા તમામ વર્ગ-૩ ના ગાર્ડઝમેનોએ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર અજમાયશી સમય પૂર્ણ કરવાનો રહેશે.

(૬) નિંમણૂક પામતા તમામ વર્ગ-૩ ના ગાર્ડઝમેનોએ સરકાર દ્વારા વખતો વખત નક્કી થયા મુજબની તથા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૭) ઉકત ગાર્ડઝમેનોને નિંમણૂક અંગેના વિધિવત હુકમો ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદે કરવાના રહેશે.

(૮) ક્રમાંક(૧૦) મુજબના ગાર્ડઝમેન પાસે તેઓની શારીરિક અપંગતા ધ્યાને લઇ યોગ્ય ફરજો સોંપવાની રહેશે.

(૯) નિંમણૂક પામતા તમામ વર્ગ-૩ ના ગાર્ડઝમેનોની નિંમણૂક નામ.સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ થયેલ એસ.એલ.પી-૧૭૧૪૩/૨૦૧૧ અને તેને સલગ્ન અન્યુ ગૃપ પીટીશનોના ચુકાદાને આધીન રહેશે.

પ્રસ્તુત હુકમો અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) નાણાવિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની તા.૧૫/૨/૨૦૧૪ તથા અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ની તા.૬/૫/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય,શાહીબાગ,અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશક, હથિયારી એકમો, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- બટાલીયન કમાન્ડન્ટ, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૧ પાલનપુર.
- બટાલીયન કમાન્ડન્ટ, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૨ ભુજ-કચ્છ.
- સબંધિત ગાર્ડઝમેન, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૨ ભુજ-કચ્છ.
  (મારફતઃ- બટાલીયન કમાન્ડન્ટ, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં- ૨ ભુજ-કચ્છ.)
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નિયામક, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારી, પાલનપુર/ભુજ-કચ્છ.
- શાખા સિલેકટ ફાઇલ.



D:\Vijay Backup\Vijay\PRC\Borderwing 01.docx

**બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૩ જામનગર તથા બટાલીયન નં-૪ રુદ્રમાતા-કચ્છના પાર્ટટાઇમ ગાર્ડઝમેનોને નિયમિત પગારધોરણ અને અન્ય લાભો આપવા બાબત.**

ગુજરાત સરકાર

ગૃહવિભાગ

**ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૧/૧૪૪૭/ફ**

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ-૨૦/૫/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૧૯/૧/૨૦૧૨ ના પત્રક્રમાંકઃકજ/સપા/મકમ/૭૧૫/૩૪૨/૨૦૧૨ તથા તા.૩૦/૯/૨૦૧૩ ના પત્રક્રમાંકઃકજ/સપા/જી/૭૧૪/૧/૫૦૬૧/૨૦૧૩

(૨) ગૃહવિભાગની તા.૬/૪/૨૦૦૯ ની નામ.હાઇકોર્ટ સમક્ષ રજુ કરેલ સ્કીમ.

(૩) નામ.હાઇકોર્ટ સમક્ષની એસ.સી.એ-૩૦૯૩/૨૦૧૩, ૩૦૯૪/૨૦૧૩, ૩૦૯૫/૨૦૧૩, ૩૦૯૭/૨૦૧૩, ૩૦૯૯/૨૦૧૩, ૩૧૦૦/૨૦૧૩, ૩૧૦૧/૨૦૧૩, ૩૧૦૨/૨૦૧૩ તથા ૩૧૦૩/૨૦૧૩.

(૪) નામ.હાઇકોર્ટનો એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ અને તેને સલગ્ન ગૃપ પીટીશનો અન્વયેનો તા.૬/૪/૨૦૧૧ નો ચુકાદો.

(૫) ગૃહવિભાગનો તા.૧૯/૪/૨૦૧૨ નો ઠરાવક્રમાંકઃસગદ/૧૦૨૦૧૨/૫૫૪/ફ.

(૬) નામ.સર્વોચ્ચ અદાલતમાંની એસ.એલ.પી-૧૭૧૪૩/૨૦૧૧.

(૭) ગુજરાત હોમગાર્ડઝ એકટ ૧૯૪૭ અને તે હેઠળના મુંબઇ હોમગાર્ડઝ નિયમો-૧૯૫૩.

**આમુખઃ-**

ગૃહવિભાગ હસ્તક ખાતાના વડા ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળની બોર્ડરવીંગ હોમગાર્ડઝની કુલ-૦૪ બટાલીયનો અનુક્રમે બટા.નં-૧ પાલનપુર, બટા.નં-૨ ભુજ-કચ્છ, બટા.નં-૩ જામનગર તથા બટા.નં-૪ નલીયા-કચ્છ (રુદ્રમાતા) માં પાર્ટટાઇમ ગાર્ડઝમેન તરીકે ફરજ બજાવતા જવાનો પાસેથી સતત કામગીરી લેતા નામ.હાઇકોર્ટ સમક્ષ એસ.સી.એ-૧૦૮૬૨/૨૦૦૩ અને તેને સલગ્ન જુદી જુદી પીટીશનો દાખલ કરી તેઓને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે સરકારના નિયમિત કર્મચારી જેવા લાભો આપવા અંગે દાદ માંગવામાં આવેલ હતી. પ્રસ્તુત પીટીશનોનો ચુકાદો તેઓની તરફેણમાં આવતા સરકાર દ્ધારા નામ.હાઇકોર્ટ સમક્ષ ઉકત ક્રમાંક(૨) મુજબ તા.૬/૪/૨૦૦૯ ના રોજ સ્કીમ રજુ કરવામાં આવેલ હતી. જે મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયનોમાં ૦૫(પાંચ) વર્ષની સેવા બજાવેલ હોય તેવા ગાર્ડઝમેનોને એસ.આર.પી.એફમાં નવેસરથી નિંમણૂક પ્રક્રીયા પૂર્ણ કરી નિંમણૂક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તે અનુસાર બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયન નં-૩ જામનગર તથા બટાલીયન નં-૪ નલીયા-કચ્છના ગાર્ડઝમેનો દ્ધારા સરકાર દ્ધારા રજુ કરવામાં આવેલ સ્કીમ સ્વીકારી એસ.આર.પી.એફમાં નિંમણૂકો કરવામાં આવેલ હતી.જયારે બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયન નં-૧ પાલનપુર તથા બટાલીયન નં-૨ ભુજ-કચ્છના જવાનો આ બન્ને બટાલીયનો જુની હોઇ તેઓ એસ.આર.પી.એફમાં નવી નિંમણૂક તરીકે જોડાવવા સંમત થયેલ ન હતા.

સરકારશ્રી દ્ધારા નામ.હાઇકાર્ટના એસ.સી.એ-૧૦૮૬૨/૨૦૦૩ અને તેને સલગ્ન મેટરોમાં તા.૯/૨/૨૦૦૫ ના બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોની તરફેણમાં આવેલ ચુકાદા સામે એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ દાખલ કરવામાં આવેલ હતી. જેના ઉકત ક્રમાંક(૪) મુજબના નામ.હાઇકોર્ટના તા.૬/૪/૨૦૧૧ ના ચુકાદા મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝની તરફેણમાં આવતા રાજય સરકારે આ ચુકાદા સામે નામ.સર્વોચ્ચ અદાલતમાં એસ.એલ.પી-૧૭૧૪૩/૨૦૧૧ દાખલ કરેલ છે. રાજય સરકારની રજુઆત અનુસાર નામ.સર્વોચ્ચ અદાલત દ્ધારા નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાના અમલ સામે મનાઇ હુકમ આપવામાં આવેલ નથી, પરંતુ એરીયર્સની ચુકવણી સબંધે ન્યાયાધીન છે. જે જોતા નામ.હાઇકોર્ટના એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ તથા તેને સલગ્ન ગૃપ પીટીશનના ચુકાદા મુજબ એસ.આર.પી.એફમાં ન જોડાયેલ બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનો દ્ધારા જુદા જુદા વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કુલ-૧૧૯૧ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે

તા.૩૦/૭/૨૦૦૩ ની અસરથી નોશનલ પગાર તથા તા.૬/૪/૨૦૧૧ થી રોકડમાં તમામ લાભો નામ.સર્વોચ્ચ અદાલત સમક્ષ પેન્ડીંગ એસ.એલ.પી.–૧૭૧૪૩/૨૦૧૧ ના ચુકાદાને આધીન આપવામાં આવેલ છે. આમ ડાયરેક્ટર જનરલ, હોમગાર્ડઝ હસ્તકની બોર્ડરવીંગ હોમગાર્ડઝની કુલ–૪ બટાલીયનો પૈકી બે બટાલીયનોના જવાનોએ એસ.આર.પી.એફમાં નવેસરથી નિંમણૂક મેળવેલ છે. જ્યારે બાકી રહેતી બે બટાલીયનો હાલ ડાયરેક્ટર જનરલ, હોમગાર્ડઝ હસ્તક ફરજો બજાવે છે અને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે પગાર તેમજ અન્ય ભથ્થાઓ સહિતના તમામ લાભો મેળવે છે.

સરકાર દ્વારા નામ.હાઇકોર્ટ સમક્ષ એલ.પી.એ–૭૧૨/૨૦૦૫ ઇન એસ.સી.એ–૧૦૮૬૨/૨૦૦૩ અન્વયે ઉક્ત ક્રમાંક (૨) મુજબની રજુ કરેલ તા.૬/૪/૨૦૦૯ ની સ્કીમ મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝમાં ૦૫ (પાંચ) વર્ષ કે તેથી વધુ સેવા બજાવેલ હોય, તેવા જવાનો એસ.આર.પી.એફમાં નિંમણૂક અંગે લાયક ગણાશે તેમ જણાવેલ હતું. તે મુજબ બટાલીયન નં–૩ જામનગર તથા બટાલીયન નં–૪ રુદ્રમાતા–કચ્છના કુલ–૧૩ પાર્ટટાઇમ ગાર્ડઝમેનો એસ.આર.પી.એફ દ્વારા નિયત કરવામાં આવેલ ભરતી અંગેના માપદંડો મુજબ તબીબી ચકાસણી દરમ્યાન અયોગ્ય ઠરતા તેઓનો સમાવેશ એસ.આર.પી.એફમાં થઇ શકેલ ન હતો અને આ ગાર્ડઝમેનો સરકારશ્રી દ્વારા નામ.હાઇકોર્ટ સમક્ષ રજુ કરેલ ઉક્ત ક્રમાંક(૨) મુજબની સ્કીમની જોગવાઇ ૨(૧૦) મુજબ બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ ગાર્ડઝમેન તરીકે ચાલુ રાખવામાં આવેલ હતા. આ ગાર્ડઝમેનો દ્વારા ઉક્ત ક્રમાંક(૩) માં દર્શાવ્યા મુજબની જુદી જુદી પીટીશનો દાખલ કરી અન્ય ગાર્ડઝમેનોની જેમ તેઓને નિયમિત પગાર ધોરણ તથા અન્ય લાભો આપવા અંગે નામ.હાઇકોર્ટ સમક્ષ દાદ માંગેલ છે. બોર્ડરવીંગ હોમગાર્ડઝના અન્ય ગાર્ડઝમેનોને સરકારશ્રી દ્વારા ઉક્ત ક્રમાંક (૫) મુજબ નિયમિત પગાર ધોરણ તથા લાભો મંજુર કરવામાં આવેલ છે, તે મુજબ એસ.આર.પી.એફમાં તબીબી કારણોસર સમાવિષ્ટ ન થઇ શકેલ બોર્ડરવીંગ હોમગાર્ડઝના કુલ–૧૩ પાર્ટટાઇમ ગાર્ડઝમેનોને નિયમિત પગાર ધોરણ તથા અન્ય લાભો આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## –: ઠ રા વ :–

બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં–૩ જામનગર તથા બટાલીયન નં–૪ રુદ્રમાતા–કચ્છના નીચે જણાવેલ પાર્ટટાઇમ ગાર્ડઝમેનોને ગુજરાત હોમગાર્ડઝ અધિનિયમ–૧૯૪૭ અને તે હેઠળના મુંબઇ હોમગાર્ડઝ નિયમો–૧૯૫૩ ની જોગવાઇઓ તથા નીચે જણાવેલ શરતોને આધીન રૂ.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૧૮૦૦ ના પગાર ધોરણમાં તદ્દન હંગામી ધોરણે ગાર્ડઝમેન વર્ગ–૩ તરીકે આથી નિંમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | નામ | જન્મતારીખ | શૈક્ષણિક લાયકાત | પાર્ટટાઇમ ગાર્ડઝમેન તરીકે જોડાયા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સુખદેવસિંહ મરુભા જાડેજા | ૨૭/૩/૭૩ | ૯ પાસ | ૧૬/૮/૦૨ | એસ.આર.પી.એફ ના ભરતી અંગેના માપદંડો મુજબ અયોગ્ય ઠરતા |
| ૨ | શ્રી બુધુભા રાસુભા જાડેજા | ૧/૬/૭૯ | ૯ પાસ | ૧૧/૧૧/૦૨ | |
| ૩ | શ્રી ભરતસિંહ ભુપતસિંહ ચૌહાણ | ૧/૬/૭૨ | ૮ પાસ | ૧૦/૫/૯૯ | |
| ૪ | શ્રી કિશોરપુરી સોમપુરી ગૌસ્વામી | ૫/૪/૭૮ | ૧૦ પાસ | ૧૦/૫/૯૯ | |
| ૫ | શ્રી રાજેન્દ્રસિંહ ભીખુભા કંચવા | ૧૦/૧૧/૭૭ | ૯ પાસ | ૧૦/૫/૯૯ | |
| ૬ | શ્રી લાલુભા જેસંગજી ચાવડા | ૧૪/૫/૭૭ | ૭ પાસ | ૧૦/૫/૯૯ | |
| ૭ | શ્રી સોમજી સવાઇસિંહ રાઠોડ | ૧૧/૭/૭૭ | ૧૧ પાસ | ૧/૩/૦૪ | |
| ૮ | શ્રી કિરતારસિંહ ભાણજી સોઢા | ૧/૫/૭૧ | ૭ પાસ | ૧૬/૮/૦૨ | |
| ૯ | શ્રી મહેન્દ્રસિંહ વિક્રમસિંહ ઝાલા | ૧/૬/૭૧ | ૧૨ પાસ | ૧૦/૫/૯૯ | |
| ૧૦ | શ્રી વિરેન્દ્રસિંહ બચુભા જાડેજા | ૧૭/૧૨/૭૨ | ૮ પાસ | ૪/૯/૨૦૦૦ | |
| ૧૧ | શ્રી જગદિશસિંહ રાજવીરસિંહ ચૌહાણ | ૨૫/૮/૭૭ | ૫ પાસ | ૧૬/૮/૦૨ | |
| ૧૨ | શ્રી અનિરુધ્ધસિંહ ગજુભા વાઘેલા | ૧૮/૧૨/૮૦ | ૧૦ પાસ | ૪/૯/૨૦૦૦ | |
| ૧૩ | શ્રી ભાવેશ રાણાભાઇ આડેદરા | ૧૨/૧/૮૧ | ૯ પાસ | ૧૦/૫/૯૯ | |

**શરતોઃ–**

(૧) ઉપર જણાવ્યા મુજબના ગાર્ડઝમેનોને, વર્ગ–૩ બોર્ડરવીંગ હોમગાર્ડઝ તરીકે રૂ.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૧૮૦૦ ના મુળ પગાર ધોરણમાં પ્રસ્તુત હુકમની તારીખથી તેઓ હાલ છે તે સ્થળે તદ્દન નવી નિંમણૂક ગણાશે.

(૨) પાર્ટટાઇમ માનદ ગાર્ડઝમેન તરીકે આ નિંમણૂક અગાઉ તેઓએ બજાવેલ કોઇ પણ સેવા આ સેવા સાથે જોડી શકાશે નહી કે કોઇ પણ પ્રકારના લાભો મળવા પાત્ર રહેશે નહી.

(૩) ઉકત તમામ ગાર્ડઝમેનોને વર્ગ-૩ તરીકે નિંમણૂક આપતા અગાઉ રૂ.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર પર નોટરાઇઝ કરાવી બાંહેધરી પત્રક મેળવી લેવાની કાર્યવાહી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદે કરવાની રહેશે.

(૪) ગાર્ડઝમેન વર્ગ-૩ તરીકે નિંમણૂક થયા બાદ તેઓને સરકારશ્રી દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ કરવાની રહેશે.

(૫) નિંમણૂક પામતા તમામ વર્ગ-૩ ના ગાર્ડઝમેનોએ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર અજમાયશી સમય પૂર્ણ કરવાનો રહેશે.

(૬) નિંમણૂક પામતા તમામ વર્ગ-૩ ના ગાર્ડઝમેનોએ સરકાર દ્વારા વખતો વખત નક્કી થયા મુજબની તથા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૭) એસ.આર.પી.એફમાં સમાવિષ્ટ ન થઇ શકેલ ઉકત ગાર્ડઝમેનોને તેઓની શારીરિક યોગ્યતાને અનુલક્ષીને યોગ્ય ફરજો સોંપવાની રહેશે.

(૮) ઉકત ગાર્ડઝમેનોને નિંમણૂક અંગેના વિધિવત હુકમો ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદે કરવાના રહેશે.

(૯) નિંમણૂક પામતા તમામ વર્ગ-૩ ના ગાર્ડઝમેનોની નિંમણૂક નામ.સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ થયેલ એસ.એલ.પી-૧૭૧૪૩/૨૦૧૧ અને તેને સલગ્ન અન્યુ ગૃપ પીટીશનોના ચુકાદાને આધીન રહેશે.

પ્રસ્તુત હુકમો અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) નાણાવિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની તા.૧૫/૨/૨૦૧૪ તથા અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ની તા.૬/૫/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ડાયરેકટર જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય,શાહીબાગ,અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશક, હથિયારી એકમો, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- બટાલીયન કમાન્ડન્ટ, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૧ પાલનપુર.
- બટાલીયન કમાન્ડન્ટ, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૨ ભુજ-કચ્છ.
- સરકારી વકીલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સબંધિત ગાર્ડઝમેન, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં-૨ ભુજ-કચ્છ.
  (મારફતઃ- બટાલીયન કમાન્ડન્ટ, બોર્ડરવીંગ હોમગાર્ડઝ, બટાલીયન નં- ૨ ભુજ-કચ્છ.)
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નિયામક, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારી, પાલનપુર/ભુજ-કચ્છ.
- શાખા સિલેકટ ફાઇલ.



D:\Vijay Backup\Vijay\PRC\Borderwing 01.docx